# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

**(ગુજરાત સરકારનું જાહેર સાહસ)**

કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બી–૧ વીંગ, ત્રીજો માળ,
સેકટર–૧૦/એ, ગાંધીનગર
ફોન નં. ૦૭૯–૨૩૨૫૬૪૧૫, ફેક્સ નં. ૦૭૯–૨૩૨૫૯૩૭૮

**ઈમેલ :– md-gskvn@gujarat.gov.in**


## ઉદ્દેશ

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો ઉદ્દેશ રાજયમાં વસેલા સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને તેમના પરંપરાગત અસ્વચ્છ વ્યવસાયમાંથી મુકિત અપાવી તેઓ અને તેમના આશ્રિતો ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે જરૂરી લોન–ધિરાણ/સહાય પૂરી પાડી તેમનું પુનઃ સ્થાપન કરવાનો છે.

## ધિરાણ કોણ મેળવી શકે ?

- ☞ સફાઈ કામદાર એટલે કે જેઓ હાથથી મેલું ઉપાડવાની કામગીરીમાં પૂરા અથવા અંશકાલીન સમય માટે રોકાયેલી વ્યકિત અને તેના આશ્રિતો કે જેમને રાષ્ટ્રીય સફાઈ કામદાર મુકિત અને પુનઃ સ્થાપન યોજના હેઠળ અથવા કોઈ મોજણીમાં તે મુજબ મુકરર કરવામાં આવ્યા હોય. અલબત્ત, ગુજરાતમાં હાલ માથે મેલું ઉપાડવાની પ્રથા સદંત્તર બંધ છે.
- ☞ સફાઈ કામદારોની નોંધાયેલ સહકારી મંડળી
- ☞ લક્ષ્યાંક જૂથ દ્વારા રચવામાં આવેલાં વૈધાનિક મંડળો / પેઢીઓ.
- ☞ આ અંગે કરવામાં આવેલી મોજણીમાં જેનો સમાવેશ થતો ન હોય પરંતુ વિવિધ સ્થળે અને કચેરીઓમાં સફાઈ કામદાર કે આશ્રિતના પ્રમાણપત્રના આધારે અસંગઠીત ક્ષેત્રે કામ કરતાં સફાઈ કામદારો કે તેમના આશ્રિતો
- ☞ ધિરાણ મેળવવા માટે કોઈ આવક–મર્યાદા નથી. આમ છતાં અન્ય તમામ બાબતો સરખી હોય તો નિગમ ગરીબી રેખાથી નીચેના સફાઈ કામદાર, વિધવા મહિલાઓ, અશકત/અપંગ વ્યકિતઓને અગ્રતા આપશે.
- ☞ બી.સી.એસ.આર/જી.સી.એસ.આર માં કુટુંબની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે, તે પ્રમાણે (માતા/પિતા/પતિના આશ્રિત) આશ્રિત ગણવા, અને માતા અને પિતા બંને હયાત ન હોય તેવા

કિસ્સામાં દાદા દાદી કે મોટા ભાઈના આશ્રિત અને સાથે રહેતાં હોય તેવા અરજદારો જ માન્ય રાખવાપાત્ર ગણાશે.

☞ સફાઈ કામદાર/સફાઈ કામદાર આશ્રિતનું પ્રમાણપત્ર નીચે મુજબ દર્શાવેલ અધિકારીઓ દ્વારા મેળવેલ હોવું જોઈએ.

| **ક્રમ** | **વિસ્તાર** | **સફાઈ કર્મચારીનો દાખલો આપવા માટે નિયત કરવામાં આવેલ સક્ષમ અધિકારીનો હોદ્દો** |
|---|---|---|
| ૧ | મહાનગરપાલિકા વિસ્તારમાં ફરજ બજાવતા સફાઈ કામદારો માટે. | સબંધિત મહાનગરપાલિકાના ગેઝેટેડ ઓફિસર સમકક્ષથી નીચેના કક્ષાના ન હોય તેવા અધિકારી |
| ૨ | નગરપાલિકા વિસ્તારમાં ફરજ બજાવતા સફાઈ કામદારો માટે. | ચીફ ઓફિસર |
| ૩ | નગરપાલિકા બરો વિસ્તારમાં ફરજ બજાવતા સફાઈ કામદારો માટે. | ચીફ ઓફિસર |
| ૪ | ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં સફાઈ કામદારો માટે. | તલાટી–કમ–મંત્રીશ્રીના પ્રમાણપત્ર ઉપર તાલુકા વિકાસ અધિકારીની અથવા મામલતદારની પ્રતિ સહી (કાઉન્ટર સહી) |
| ૫ | સરકારી/અર્ધસરકારી અને કેન્દ્ર સરકારની કચેરીમાં સફાઈ કામદારો માટે. | કચેરીના વડા અથવા જે તે કચેરીના ગેઝેટેડ ઓફિસરની નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારી |
| ૬ | ખાનગી હોસ્પિટલ, હોટલો, રેસ્ટોરન્ટ વગેરેમાં સફાઈનું કામ કરતાં સફાઈ કામદારો માટે. | જે તે નોકરી દાતા દ્વારા અપાયેલ પ્રમાણપત્રમાં ઉપર જણાવેલ ક્રમ ૧ થી ૪ મુજબ વિસ્તારને અનુલક્ષીને સબંધિત અધિકારી અથવા રાજપત્રીય મહેસુલી અધિકારી દ્વારા પ્રતિ સહી (કાઉન્ટર સહી) કરેલ પ્રમાણપત્ર. |
| ૭ | સોસાયટી/મહોલ્લામાં સફાઈનું કામ કરતાં સફાઈ કામદારો માટે. | |
| ૮ | ખાનગી કોન્ટ્રાકટરો દ્વારા રોકવામાં આવેલ સફાઈ કામદારો માટે. | |
| ૯ | અન્ય જગ્યાએ કામ કરતાં સફાઈ કામદારો માટે. | |

# નિગમ દ્વારા અમલી વિવિધ યોજનાઓ

નિગમ મુખ્યત્વે નીચેની યોજનાઓનો અમલ કરીને સફાઈ કામદાર તથા તેમના આશ્રિતોનું પુનઃસ્થાપન કરે છે.

## ૧. ભારત સરકારની યોજનાઓ.

**Self Employment Scheme for Rehabilitation of Manual Scavengers (SRMS)**

આ યોજના NSLRS યોજનાને બદલે તા.૯/૧/૨૦૦૭ થી SRMS યોજના તરીકે અમલમાં આવી છે. નિગમે રાજયમાં એક પણ માથે મેલું ઉપાડનાર સફાઈ કામદાર ન હોવા છતાં ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોશીયલ સાયન્સીઝ (TISS) સંસ્થા દ્વારા કરાવેલા સર્વેને આધાર ગણીને તેના રીપોર્ટમાં દર્શાવેલ કુટુંબોને ભૂતપૂર્વ મેન્યુઅલ સ્કેવેન્જર્સ ગણીને આ યોજનાનો લાભ તે પૈકીના પાત્રતા ધરાવતા અને લોન ધિરાણની ઈચ્છા ધરાવતા તમામને નિગમની સીધા ધિરાણની અને બેંકો મારફતે અમલમાં મુકાયેલી યોજનાઓ તળે ૪૨૦૯ લાભાર્થીઓને લાભાન્વિત કરેલ છે.

## ૨. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી (NSKFDC) ની સીધા ધિરાણની યોજના

### (૧) સીધા ધિરાણ યોજના :

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી તરફથી ટર્મ લોન પેટે મળેલ રકમમાંથી નિગમ દ્વારા જુદા જુદા ધંધા અને વ્યવસાય, વિવિધ પ્રકારના વાહનો, મંડપ ડેકોરેશન, કોમ્પ્યુટર, ઈલેકટ્રીકની દુકાન, ડેરી યુનિટ, મિઠાઈની દુકાન, અનાજ દળવાની ઘંટી, દરજીકામની દુકાન માટે સફાઈ કામદારો અને તેના આશ્રિતોના પુનઃ સ્થાપન માટે વ્યકિતગત રૂા. ૧૫.૦૦ લાખ સુધીનું ધિરાણ ૬ ટકાના વ્યાજદરે કરવામાં આવે છે. લાભાર્થીના ફાળા પેટે માર્જીનમની રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. પૂજય ઠકકરબાપા પુનઃ સ્થાપન યોજના હેઠળ રાજય સરકાર તરફથી યુનિટ કોસ્ટની મર્યાદામાં રહીને ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦/– અને વધુમાં વધુ રૂા. ૭૫,૦૦૦/– સુધી સબસીડી આપવામાં આવે છે.

**<u>મુખ્ય યોજનાઓ નીચે મુજબ છે.</u>**

**(i) મહિલા સમૃધ્ધિ યોજના (MSY).**

મહિલાઓને રૂા.૧,૦૦,૦૦૦/– સુધીનું ધિરાણ ૪% ના વ્યાજના દરે કરવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૩ વર્ષ (૩૬ હપ્તા) છે.

**(ii) મહિલા અધિકારીતા યોજના (MAY)**

મહિલાઓને રૂા.૨,૦૦,૦૦૦/– સુધીનું ધિરાણ ૫% ટકાના વ્યાજના દરે કરવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૫ વર્ષ (૬૦ હપ્તા) છે.

**(iii) લઘુ ધિરાણ (MCF).**

પુરુષ લાભાર્થીઓને રૂા.૧,૦૦,૦૦૦/– સુધીનું ધિરાણ ૫% ના વ્યાજના દરે કરવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૩ વર્ષ (૩૬ હપ્તા) છે.

**(iv) ટર્મ લોન (Term Loan)**

રૂા. ૧,૦૦,૦૦૦/– થી વધુ અને રૂા.૧૫.૦૦ લાખ સુધીનું ધિરાણ ૬% ના વ્યાજદરે કરવામાં આવે છે. પરત ચુકવણીનો સમય ૫ વર્ષ (૬૦ હપ્તા) છે.

**<u>શૈક્ષણિક લોન–યોજના</u> :–**

સફાઈ કામદારો અને તેમના આશ્રિતો સહિત સફાઈ કર્મચારીઓના કુટુંબના સભ્યોને શૈક્ષણિક લોન, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વ્યવસાયી અથવા ટેકનિકલ શિક્ષણ માટે તથા ઈજનેરી, તબીબી, મેનેજમેન્ટ, લો, ડીપ્લોમાં ઈન ફીઝીયોથેરાપી, પેથોલોજી, નર્સિંગ, ડિપ્લોમાં ઈન હોટલ મેનેજમેન્ટ એન્ડ ટુરીઝમ, બેચરલ ઓફ એજયુકેશન, પી.એચ.ડી., લેંગ્વેજ, બી.સી.એ., એમ.સી.એ., ડિપ્લોમાં ઈન જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વગેરે કક્ષાના સ્નાતક અને અનુસ્નાતક તથા જેરીઆટ્રિક કેર અને શૈક્ષણિક અભ્યાસક્રમો વગેરે માટે ઉચ્ચ અભ્યાસ માટે ભારતમા અભ્યાસ માટે રૂા. ૧૦.૦૦ લાખ અને વિદેશ અભ્યાસ માટે રૂા. ૨૦.૦૦ લાખની લોન આપવાની જોગવાઈ છે. જેમાં અભ્યાસક્રમના ખર્ચના ૯૦% રકમ NSKFDC, નવી દિલ્હી તરફથી આપવામાં આવે છે. બાકીની ૧૦% રકમ વિદ્યાર્થી/સ્ટેટ ચેનેલાઈઝીંગ એજન્સી ભોગવશે. જેમાં ભારતમાં અભ્યાસ માટે વ્યાજનો દર વિદ્યાર્થીઓ માટે ૬% અને વિદ્યાર્થીનીઓ માટે ૫.૫% છે અને વિદેશમાં અભ્યાસ માટે વ્યાજનો દર વિદ્યાર્થીઓ માટે ૭% અને વિદ્યાર્થીનીઓ માટે ૬.૫% છે તથા સદરહુ લોનની પરત ચુકવણીનો સમય નોકરી મળ્યેથી અથવા અભ્યાસ ક્રમ પુરો થયાના ૧ વર્ષ આ બંનેમાંથી જે વહેલું હોય ત્યારથી ૫ વર્ષ (૬૦ હપ્તા) નો છે.

## (૨) તાલીમ યોજના :–

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમની તાલીમ યોજના.

**ઉદ્દેશ :–**

સફાઈ કામદાર અને તેમનાં આશ્રિતોને ઔધોગિક, સેવા અને વેપાર જેવા ક્ષેત્રોમાં સ્વરોજગારી દ્વારા આવક પ્રાપ્તિ.

સફાઈ કામદારોના સભ્યોને પરંપરાગત વ્યવસાયોમાં નિપૂણતા અને અસરકારક સંચાલન માટે.

**હેતુ :–**

સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને પરંપરાગત અને ટેકનીકલ વ્યવસાય માટે તાલીમ આપવાનો ઉદ્દેશ છે. જે માટે ૧૦૦% નાણાંકીય સહાય રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંયુકત ઉપક્રમે આપવામાં આવે છે. વધુમાં વધુ રૂા.૧.૦૦ લાખ સુધીની ગ્રાન્ટ પ્રત્યેક પ્રોજેકટ માટે આપવામાં આવે છે.

**યોગ્યતા :–**

- અરજદાર એન.એસ.કે.એફ.ડી.સી.ના સમાન ગ્રૃપનો હોવો જોઈએ.
- જે તે સંસ્થાના પ્રવેશ અંગેના ધારા ધોરણ ધરાવતો હોવો જોઈએ.
- ૧૮ થી ૩૫ વર્ષ સુધીની વય મર્યાદા જે તે સંસ્થાએ નકકી કર્યા પ્રમાણે હોવી જોઈએ.

**તાલીમના પ્રકાર.**

**i. સંસ્થા સંલગ્ન પ્રોગ્રામ.**

આ પ્રોગ્રામ હેઠળ રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણાં અને વિકાસ નિગમ, દેશભરની નામાંકીત તાલીમ સંસ્થાઓ દ્વારા ખાસ પ્રકારના ટ્રેડ માટે યોગ્ય ઉમેદવારોને તાલીમ આપવાની વ્યવસ્થા ગોઠવે છે.

| | |
|---|---|
| • **રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ દ્વારા ભોગવવામાં આવતો ખર્ચ :–** | સંસ્થા દ્વારા લેવામાં આવતી તાલીમાર્થીદીઠ ખરેખર ફી તથા રહેવાના ચાર્જીસની પુરેપુરી રકમ (સાધનો, કાચાં માલ સામાનની કીમત, સ્ટાઈપેન્ડ અને રહેવા જમવાના ખર્ચ સાથે) |
| • **સમયગાળો :–** | ૭ માસ સુધી. |

## ii. કુશળતા તાલીમ પ્રોગ્રામ.

કારીગરો અને કલાકાર દ્વારા ઉત્પાદિત વસ્તુઓમાં બજારની માંગ પ્રમાણે બદલાવ લાવવા અને ઉત્પાદિત વસ્તુની ગુણવત્તામાં સુધારો લાવવા માટે પરંપરાગત કારીગરો અને કલાકારોને તેમના ધંધા/વ્યવસાય માટે તાલીમ આપવાનો ઉદ્દેશ છે. જેથી તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુઓ/કૌશલ્યને યોગ્ય બજાર મળી રહે. આ તાલીમ પ્રોગ્રામ બીન રહેણાંકીય છે.

- **રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ દ્વારા ભોગવવામાં આવતો ખર્ચ :–** તાલીમી સંસ્થા દ્વારા ફી ના ધારા ધોરણ મુજબ લેવામાં આવતી ફી ના ૧૦૦% ના ધોરણે પ્રત્યેક તાલીમાર્થીદીઠ સહાય ચુકવવામાં આવે છે. (સાધનો, કાચાં માલ સામાનની કીમત, સ્ટાઈપેન્ડ અને રહેવા જમવાના ખર્ચ સાથે)
- **સમયગાળોઃ–** બે માસ સુધી.

## iii. એન્ટરપ્રીઓનરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ.

લાભાર્થી દ્વારા પોતાનો સ્વતંત્ર ધંધો/વ્યવસાય શરૂ કરી શકે તેવા આશયથી આ તાલીમ પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ છે. આ તાલીમ પ્રોગ્રામ બીન રહેણાંકીય છે.

- **રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ દ્વારા ભોગવવામાં આવતો ખર્ચ :–** તાલીમી સંસ્થા દ્વારા ખરેખર લેવામાં આવતી ફી ના ૧૦૦% ના ધોરણે પ્રત્યેક તાલીમાર્થીદીઠ સહાય ચુકવવામાં આવે છે. (સાધનો, કાચાં માલ સામાનની કીમત, સ્ટાઈપેન્ડ અને રહેવા જમવાના ખર્ચ સાથે)
- **સમયગાળોઃ–** એક માસ સુધી.

## (૩) **સેનેટરી માર્ટ યોજના :**

સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૪/૭/૨૦૦૦ ના ઠરાવથી અમલી બનેલ પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર (સેનેટરી માર્ટ) યોજના અંતર્ગત સફાઈ કામદારો કે તેઓના આશ્રિતોની રજીસ્ટર્ડ સહકારી મંડળી દ્વારા સજળ જાજરૂનું બાંધકામ અને સ્વચ્છતા વિષયક સાધન–સામગ્રીના ઉત્પાદન અને વેચાણની પ્રવૃત્તિઓ કરવાની રહેશે.૧૮ થી ૫૫ વર્ષની વય મર્યાદામાં આવતાં સફાઈ કામદારો કે તેમના આશ્રિતો આ યોજનાનો લાભ લઈ શકશે જેમાં મંડળીના મુખ્ય પ્રયોજક લઘુત્તમ ધોરણ–૭ પાસ હોવા જોઈએ.

આ યોજના હેઠળ મંડળીનાં સભ્યદીઠ નીચે દર્શાવેલ વિગતોએ ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ ૨૫ સભ્યોની મંડળીને વધુમાં વધુ રૂા. ૫.૦૦ લાખ સુધીનું ધિરાણ/સહાય મળવાપાત્ર છે.

સેનેટરી માર્ટ મંડળીના સભ્યોને ટેકનિકલ તેમજ વ્યવસાયી તાલીમ આપવાની પણ જોગવાઈ છે જે માટે તાલીમ લેનાર લાભાર્થીઓને વ્યકિત દીઠ માસિક રૂા. ૫૦૦/– લેખે સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે.

## (૪) **જાગૃતતા શિબિર. (Awareness Camp)**

સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને નિમગની વિવિધ યોજનાઓની જાણકારી મળી રહે અને તેઓ નિગમની યોજનાઓનો બહોળા પ્રમાણમાં લાભ મેળવે તે હેતુથી તેમનામાં જાગૃતતા કેળવવા નિગમ દ્વારા જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ સફાઈ કામદારોની વસ્તીમાં જઈને આવી શિબિરોનું આયોજન કરવામાં આવે છે. જેથી લોકો નિગમની વિવિધ યોજનાઓનો બહોળા પ્રમાણમાં લાભ મેળવી શકે.

## ૩. રાજય સરકારની યોજનાઓ.

### (૧) પૂજય ઠકકરબાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન યોજના :

- રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ નવી દિલ્હીની સીધા ધિરાણ યોજના હેઠળ આપેલ ધિરાણના માર્જીનમની રકમ (લાભાર્થી ફાળો) બિનવ્યાજકીય લોન પેટે આ યોજના હેઠળ કરેલ જોગવાઈમાંથી આપવામાં આવે છે. ઉપરાંત આ જોગવાઈમાંથી નિગમ દ્વારા કરેલ ધિરાણના યુનિટ કોસ્ટની મર્યાદામાં રહીને ઓછામાં ઓછા રૂા.૧૦,૦૦૦/– અને વધુમાં વધુ રૂા. ૭૫,૦૦૦/– સુધી સબસીડી આપવામાં આવે છે.
- મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને માલિકના ધોરણે ફાળવેલ વ્યકિતગત મકાનોના રીપેરીંગ માટે સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા દરખાસ્ત કર્યેથી સફાઈ કામદારને વ્યકિતગત બિનવ્યાજકીય લોન આપવામાં આવે છે. આ ઉપરાંત આવી વસાહતોના મકાનોની સીડી, કઠેડો, ધાબાની પેરાફીટ તથા કોલોનીના સાર્વજનિક જાજરૂના રીપેરીંગ માટે તથા સફાઈ કામદારોની વસાહતોના વાતાવરણમાં સુધારણા કરવા માટે સહાય આપવામાં આવે છે.

### (૨) ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના :

રાજય સરકાર દ્વારા રાજયના સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોને રહેણાકના પાંકા આવાસો સમયબધ્ધ કાર્યક્રમ રૂપે પુરા પાડવા ડૉ. આબેડકર સફાઈ કામદાર આવાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાનો લાભ સફાઈ કામદારો અને તેઓના અશ્રિતોને મળવા પાત્ર રહેશે તે માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહી.

રાજય સરકારની આ યોજના હેઠળ સફાઈ કામદારો કે તેઓના આશ્રિતોને રહેણાંકના પાકા મકાનો બનાવવા માટે વ્યકિતગત રૂા. ૧,૨૦,૦૦૦/– ની સહાય તેમજ બિન વ્યાજકીય લોન શહેરી વિસ્તાર માટે રૂા.૬૦,૦૦૦/– તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૩૦,૦૦૦/– આપવાની જોગવાઈ છે. મકાનની ટોચની કિમંત શહેરી વિસ્તાર માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/– અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૭,૦૦,૦૦૦/– રહેશે. બીન વ્યાજકીય લોનની વસુલાત મહાનગરપાલિકા/નગરપાલિકાએ કર્મચારીઓના પગારમાંથી દરમાસે રૂા.૫૦૦/– નો એક એવા ૧૨૦ હપ્તામાં કરીને તેની નિયમિત ચૂકવણી નિગમને કરવાની રહે છે.

**(૩) <u>જુથ જનતા અકસ્માત વીમા કવચ યોજના :–</u>**

ગુજરાત સરકાર દ્વારા જુથ જનતા અકસ્માત વીમા કવચ_યોજના હેઠળ સફાઈ કામદારનું ફકત ચાલુ ફરજ દરમિયાન આકસ્મિક મૃત્યુ થાય તે પ્રસંગે રૂા. ૧.૦૦ લાખનું વીમા કવચ આપવામાં આવે છે અને સફાઈ કામદારનું મૃત્યુ ગટર સફાઇની કામગીરી દરમ્યાન ઝેરી ગેસ ગળતર થવાથી ગુંગળામણથી થાય તો તેનાં આશ્રિત/કુટુંબને પુનઃસ્થાપન માટે વધુ રૂા.૨.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવશે.

**(૪) <u>ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ના સફાઈ કામદારના બાળકોને ઈનામ/પ્રશસ્તિપત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના :</u>**

ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની બોર્ડની પરીક્ષામાં સમગ્ર રાજયના સફાઈ કામદારોના આશ્રિત બાળકોમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે ઉતિર્ણ થયેલાં બાળકોને ઈનામ અને પ્રશસ્તિ પત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ નીચે દર્શાવ્યા મુજબ ઈનામની રકમ અને પ્રશસ્તિ પત્ર ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા આપવામાં આવે છે.

| ધોરણ–૧૦ માં ઉર્તિણ થયેલ | ધોરણ–૧૨ માં વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ, |
|---|---|
| પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૪૧,૦૦૦/– | પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૩૧,૦૦૦/– |
| બીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૨૧,૦૦૦/– | બીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૨૧,૦૦૦/– |
| ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/– | ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/– |

**(૫) <u>છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર સફાઈ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીનાં સાધનો પુરા પાડવાની યોજના :–</u>**

આ યોજના અંતર્ગત રાજયમાં મહાનગરપાલિકા/નગરપાલિકા/ગ્રામ પંચાયતોમાં છૂટક સફાઈનું કામ કરતાં રોજમદારોને ગટરની સફાઈ કરવા માટે ડિઝલ મશીન, લોડીંગ સાયકલ, પાઈપ તેમજ સલામતીનાં સાધનો સહિતની ખરીદી માટે રૂા. ૫૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે.